Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

શુક્રવાર, તા.૨૬ મે, ૨૦૨૩
26/5/2023 * VOL : 43 * NO. 251 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૭

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

આજનો સુવિચાર

અહંકારનું આવરણ જ્યારે અસત્ય પર ચઢે, પછી તો મોટા મોટા મહારથી પણ ઉંધા માથે પડે

# ભારતનાં ૫ રાજ્યના સ્ટુડન્ટ પર ઓસ્ટ્રેલિયામાં પ્રતિબંધ

**સિડની,** વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસેથી પરત ફરતાં જ ઓસ્ટ્રેલિયાએ પોત પ્રકાશ્યું છે. સિડનીમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનીઝ સાથે ભારતીય સમુદાયને સંબોધન કર્યું હતું અને બંને દેશોએ એકબીજાના ભરપૂર વખાણ કર્યા હતા. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનીઝે તો મોદીને ‘બોસ‘ કહીને સંબોધન કર્યું હતું. આ ઘટનાના બીજા જ દિવસે ઓસ્ટ્રેલિયાએ પોત પ્રકાશ્યું છે અને ભારતના ૫ રાજ્યના સ્ટુડન્ટ પર ત્યાંની યુનિવર્સિટીઓએ પ્રતિબંધ મૂકી દીધો છે. વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીએ તો ગુજરાતના સ્ટુડન્ટ પર પણ બેન મૂકી દીધો છે. ઓસ્ટ્રેલિયાએ ભારતનાં વખાણ ભલે કર્યા, પણ પીઠ પાછળ અસલીરૂપ બતાવી દીધું છે.

ઓસ્ટ્રેલિયાની ઘણી યુનિવર્સિટીઓએ ભારતનાં ૪ રાજ્ય અને યુટી જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. ઓસ્ટ્રેલિયન ન્યૂઝપેપર સિડની મોર્નિંગ હેરાલ્ડ અનુસાર, ઓસ્ટ્રેલિયાની બે મોટી યુનિવર્સિટીએ ગયા અઠવાડિયે તેમના એજ્યુકેશન એજન્ટોને પત્ર લખ્યો હતો, જેમાં પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવા સૂચના આપવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયાનો ગૃહ વિભાગ કાશ્મીર સહિત આ ૪ રાજ્યના વિદ્યાર્થીઓની વિઝા અરજીઓને સતત નકારી રહ્યો છે. ગયા મહિને ઓસ્ટ્રેલિયાની ૪ યુનિવર્સિટીએ ભારતીય વિદ્યાર્થીઓ પર વિદ્યાર્થી વિઝાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. કહ્યું- લોકો સ્ટુડન્ટ વિઝા લઈને ભણવાને બદલે નોકરી માટે ઓસ્ટ્રેલિયા આવી રહ્યા છે.

વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે ૨૦૨૨માં ઘણા ભારતીય વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો, પરંતુ તેમનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો હતો. યુનિવર્સિટીએ એજન્ટોને જણાવ્યું હતું કે આવું કરનારા મોટા ભાગના વિદ્યાર્થીઓ પંજાબ, ગુજરાત અને હરિયાણાના હતા. આ રાજ્યોના વિદ્યાર્થીઓ પરનો પ્રતિબંધ જૂન સુધી ચાલુ રહેશે.

આવું વધુ ન થાય એ માટે પ્રવેશ નીતિ વધુ કડક બનાવવામાં આવી રહી છે. હોમ અફેર્સ ડિપાર્ટમેન્ટના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાંથી આવતી દર ૪ સ્ટુડન્ટ વિઝા અરજીમાંથી ૧ છેતરપિંડી છે. આ કારણે ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ માટેની અરજીઓનો રિજેક્શન દર પણ વધીને ૨૪.૩% થયો છે, જે છેલ્લાં ૧૩ વર્ષમાં સૌથી વધુ છે.

સિડની હેરાલ્ડના અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીઓ

## સ્ટુડન્ટ વિઝા આપવાની સ્પષ્ટ ના

વિદેશમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે સંપૂર્ણપણે એજન્ટો પર નિર્ભર છે. વિદ્યાર્થી અને યુનિવર્સિટી બંને એડમિશન માટે એજન્ટોનો સંપર્ક કરે છે. તેના બદલામાં યુનિવર્સિટી એજન્ટોને તગડું કમિશન આપે છે.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૨૨માં ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન સ્કોટ મોરિસને કામ કરતા વિદેશી વિદ્યાર્થીઓની નીતિમાં મહત્ત્વનો ફેરફાર કર્યો હતો. એ બાદ સ્ટુડન્ટ વિઝાની માગમાં વધુ વધારો થયો હતો. ખરેખરમાં નવા ફેરફાર હેઠળ, ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓની કામ કરવાની મર્યાદા દૂર કરવામાં આવી હતી, એટલે કે હવે વિદ્યાર્થીઓ ગમે તેટલા કલાકો સુધી કામ કરી શકશે. જોકે હવે આ પોલિસીમાં ફરીથી ફેરફાર કરવાની તૈયારી ચાલી રહી છે. અલ્બેનીઝ સરકાર ફરીથી વિદ્યાર્થીઓના કામના કલાકો પર નિયંત્રણો લાદવા જઈ રહી છે. ઓસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ મૂકવાનો મામલો એવા સમયે ઉગ્ર બન્યો છે જ્યારે વડાપ્રધાન મોદી એક દિવસ પહેલાં બુધવારે ઓસ્ટ્રેલિયાના ૨ દિવસના પ્રવાસ બાદ ભારત પરત ફર્યા છે. સિડનીમાં ૨૦,૦૦૦ લોકોને સંબોધિત કરતાં પીએમ મોદીએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓ બંને દેશોને નજીક લાવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એકબીજાની શૈક્ષણિક ડીગ્રીઓને માન્યતા આપવા પર વાતચીત આગળ વધી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પનામામાં ૬.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકા

**(એજન્સી)નવી દિલ્હી,** પનામામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે અનુસાર, પનામાના પ્યુર્ટો ઓબાલ્ડિયામાં ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભૂકંપની ઊંડાઈ પનામા સિટીથી ૧૦ કિમી દૂર ૨૬૪ કિમીમાં આવી હતી. આનો જવાબ જાણવા માટે સૌથી પહેલા તમારે પૃથ્વીની રચનાને સમજવી પડશે. આખી પૃથ્વી ૧૨ ટેક્ટોનિક પ્લેટો પર ટકેલી છે. લાવા આ ટેક્ટોનિક પ્લેટો હેઠળ રહેલો છે. આ લાવા પર આ ૧૨ પ્લેટો તરતી રહી છે. જ્યારે લાવા આ પ્લેટો સાથે અથડાય છે, ત્યારે જે ઊર્જા નીકળે છે તેને ભૂકંપ કહેવામાં આવે છે.

### દહેરાદૂન-દિલ્હી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને મોદીએ લીલી ઝંડી બતાવી

**(એજન્સી)નવી દિલ્હી,** વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરાખંડને મોટી ભેટ આપી છે. રાજ્યની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને વડાપ્રધાન મોદીએ લીલી ઝંડી બતાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી આનંદ વિહાર રેલ્વે સ્ટેશન પર વર્ચ્યુઅલ માધ્યમથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૨૮ મેથી દહેરાદૂન અને દિલ્હી વચ્ચે નિયમિતપણે દોડવાની છે. આ અગાઉ મંગળવારે દિલ્હી અને દેહરાદૂન વચ્ચે આઠ ડબ્બાવાળી આ એક્સપ્રેસ ટ્રેનનું ટ્રાયલ રન સફળ રહ્યું હતું. આ ટ્રેન બુધવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ સવારે ૭.૦૦ કલાકે દોડશે.

### એનઆઈએની ટીમ ખંડણી મામલે તપાસ માટે નાગપુરમાં ધામા નાખશે

**(એજન્સી)નવી દિલ્હી,** કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને ધમકીના મામલાની તપાસ કરવા એનઆઈએની ટીમ આજે નાગપુર જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર એનઆઈએની ટીમ પોલીસ પાસેથી કેસ સંબંધિત તમામ દસ્તાવેજો લીધા બાદ તેની તપાસ શરૂ કરશે. નીતિન ગડકરીને જાન્યુઆરી અને માર્ચમાં ૧૧૦ કરોડની ખંડણીની ધમકીઓ મળી હતી. નાગપુર પોલીસે તેની તપાસમાં ખુલાસો કર્યો હતો કે આ કેસમાં પકડાયેલ આરોપી આતંકવાદી સંગઠન સાથે જોડાયેલો છે. આ કેસમાં નાગપુર પોલીસે બેલગામ જેલમાંથી જયેશ પૂજારી નામના ગેંગસ્ટરની ધરપકડ કરી હતી.

### દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન જેલના બાથરૂમમાં પડી ગયા

**(એજન્સી)નવી દિલ્હી,** દિલ્હી સરકારના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને દીન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, સત્યેન્દ્ર જૈન તિહાર જેલના બાથરૂમમાં ચક્કર આવવાને કારણે પડી ગયા હતા. આ પહેલા પણ સત્યેન્દ્ર જૈન બાથરૂમમાં પડી ગયા હતા. દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને આજે ફરી એકવાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તબિયત ખરાબ હોવાની ફરિયાદો મળ્યા બાદ તેમને પશ્ચિમ દિલ્હીની દીન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જેલના સત્યેન્દ્ર જૈનને ચક્કર આવતાં તેઓ તિહાર જેલના બાથરૂમમાં પડી ગયા હતા.

# મણિપુરમાં ત્રીજા દિવસે પણ આગચંપી

## કુકી લોકોએ મૈતેઈ વિસ્તારમાં અનેક ઘરો ફુંકી માર્યા, હિંસા ફાટી નીકળી; કર્ફ્યુમાં છૂટછાટ પાછી ખેંચી લેવાઈ

**(એજન્સી)મણિપુર,** મણિપુરમાં મૈતેઈ સમુદાયને એસટીનો દરજ્જો આપવાના વિરોધમાં ૩ મેના રોજ શરૂ થયેલી હિંસા ૨૦ દિવસ પછી ફરી ભડકી હતી. કર્ફ્યુ હળવો થતાં જ વિષ્ણપુર જિલ્લાના ત્રોંગ્લાઓબી ગામમાં હિંસા ફાટી નીકળી હતી. ખરેખરમાં, શંકાસ્પદ કુકી લોકોએ મંગળવારે ત્રણ મૈતેઈના ઘરોને આગ ચાંપી દીધી હતી. આ ઘટનાનો બદલો લેતા અન્ય સમાજના લોકોએ પણ ચાર ઘર સળગાવી દીધા હતા. ત્યારબાદ હથિયારબંધ લોકોએ વિષ્ણુપુરના મોઈરાંગના કેટલાક ગામો પર હુમલો કર્યો હતો.

હંગામો સાંભળીને મોઈરાંગ ખાતેના રાહત છાવણીમાંથી કેટલાક લોકો બહાર આવ્યા. આ દરમિયાન તોઈજામ ચંદ્રમાણી નામના યુવકને પીઠના ભાગે ગોળી વાગી હતી જે છાતીમાંથી પસાર થઈ હતી. માહિતી મળતા જ આસામ રાઈફલ્સના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેણે મૈતેઈ યુવાનોને ભગાડીને હિંસા વધતી અટકાવી. જવાનોએ અનેક કૂકી બંકરો તોડી નાખ્યા. ઘટનાને પગલે જિલ્લામાં કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત ચંદ્રમણિએ બાદમાં મોતને ભેટ્યો હતો.

કુકી સમુદાયના સભ્યોનું કહેવું છે કે કુકી નેશનલ ઓર્ગેનાઈઝેશન અને યુનાઈટેડ પીપલ્સ ફ્રન્ટ સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે રાજકીય સંવાદ દ્વારા ઉકેલ શોધવો જોઈએ.

શા માટે સરકારના પ્રતિનિધિઓ માત્ર શાંતિ પુનઃસ્થાપિત કરવાની વાત કરવા અમારી પાસે આવી રહ્યા છે. પહેલા આપણી સમસ્યાઓ હલ થવી જોઈએ. જ્યારે, મૈતેઈ સમુદાયે કહ્યું કે કુકી મ્યાનમારથી આવેલા ઘૂસણખોર છે, તેમને બહાર કાઢી મુકવા જોઈએ. જ્યારે મૈતેઈ અહીંના ધરતીપુત્રો છે. હિંસા બાદ, બિશનપુર, ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ જિલ્લાઓમાં કર્ફ્યુમાં છૂટછાટ પાછી ખેંચી લેવામાં આવી હતી. આ દરમિયાન, મંત્રી ગોવિંદદાસ કોંથોજામના ઘરમાં મૌતેઈ મહિલાઓ દ્વારા તોડફોડ કરવામાં આવી છે. બિષ્ણુપુરમાં હિંસા બાદ લોકોએ પ્રદર્શન કર્યું છે. ભીડને વિખેરવા માટે સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો હતો. અન્ય જિલ્લાઓમાં પણ હિંસા થઈ હતી.

# વડાપ્રધાન મોદી દ્વારા સંસદભવનના ઉદ્‌ઘાટનના મુદ્દે સુપ્રીમમાં અરજી



**(એજન્સી)નવી દિલ્હી,** સંસદની નવી ઈમારતના ઉદઘાટનનો વિવાદ અટકતો નથી. કુલ ૪૦ પાર્ટીમાંથી કોંગ્રેસ સહિત ૨૦ વિપક્ષી પાર્ટીએ એનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. બીજી તરફ, ભાજપ સહિત ૧૭ પક્ષોએ સરકારનું આમંત્રણ સ્વીકાર્યું છે.

આ દરમિયાન સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં રાષ્ટ્રપતિને સંસદભવનનું ઉદઘાટન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અરજીકર્તાનું કહેવું છે કે લોકસભા સચિવાલયે ઉદઘાટન માટે રાષ્ટ્રપતિને આમંત્રણ ન આપીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે.

ભાજપ, શિવસેના (શિંદે જૂથ), શિરોમણિ અકાલી દળ, NPP, NDPP, SKM, JJP, RLJP, RP (આઠવલે), અપના દળ, તમિળ મનિલા કોંગ્રેસ, AIADMK, BJD, તેલુગુ દેશમ પાર્ટી, YSR કોંગ્રેસ, IMKMK અને AJSU MNF. લોકસભામાં ૬૦.૮૨% (૩૨૮ સભ્ય) અને રાજ્યસભામાં ૪૨.૮૬% (૧૦૨ સભ્ય) ઉદ્‌ઘાટન સમારંભમાં જોડાશે. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, દ્રવિડ મુનેત્ર કડગમ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પક્ષ, ઉદ્ધવ ઠાકરેનું શિવસેના જૂથ, ભારતીય સામ્યવાદી પક્ષ, રાષ્ટ્રીય જનતા દળ, CPI, ઝારખંડ મુક્તિ મોરચા JMM, કેરલા કોંગ્રેસ (મણિ), વિદુથલાઈ ચિરુથાઈગલ કચ્છી VCK, RLD, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, જનતા દળ-યુનાઈટેડ (JDU), CPI(M), IUML, નેશનલ કોન્ફરન્સ, RSP, AIMIM અને MDMK ઓપનિંગ ઈવેન્ટમાં ભાગ નહીં લે. વિરોધપક્ષો પાસે લોકસભામાં ૨૬.૩૮% (કુલ ૧૪૩ સભ્ય) અને રાજ્યસભામાં ૩૮.૨૩% (૯૧ સભ્ય) પ્રતિનિધિત્વ છે. ૨૮ મે, રવિવારે સવારે નવા સંસદ ભવન ખાતે હવન સાથે પૂજા થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બપોરે ૧૨ વાગ્યે ઉદઘાટન કરશે. સંસદ ભવનના નિર્માણમાં યોગદાન આપનારા શ્રમયોગીઓને પણ સન્માનિત કરવામાં આવશે.

## સેન્સેક્સમાં ૯૯, નિફ્ટીમાં ૩૬ પોઈન્ટનો વધારો

**(એજન્સી)મુંબઈ,** કન્ઝ્યુમર ગુડ્સ અને રિયલ્ટી શેરોની આગેવાની હેઠળ, ભારતીય સ્થાનિક શેરબજાર સુસ્ત રિકવરી પછી ગુરુવારે બંધ થયું. આગલા દિવસે બંધ થયેલો સેન્સેક્સ ગુરુવારે ૯૯ પોઈન્ટ ચઢ્યો હતો અને નિફ્ટી ૧૮,૩૦૦ની ઉપર બંધ થયો હતો. એરટેલ, અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૩%નો વધારો નોંધાયો હતો. તે જ સમયે, ટ્રાઈડેન્ટ, ભારત ડાયનેમિક્સ, વિપ્રો, ટાટા મોટર્સના શેરમાં ઘટાડો થયો હતો. તે જ સમયે, રિયલ્ટી શેર ૧% કરતા વધુ વધ્યા હતા અને તે ટોચના ક્ષેત્રીય લાભકર્તા હતા.

# ઈસરો ભગવાન મહાકાલના નામે સેટેલાઈટ લોન્ચ કરશે

**(એજન્સી)ઉજૈન,** ૧૨ જ્યોતિર્લિંગોમાંના એક એવા ભગવાન મહાકાલેશ્વરને ત્રણેય લોકના સ્વામી માનવામાં આવે છે. તેમને પાતાળ, પૃથ્વી અને આકાશમાં પ્રથમ અને સર્વ પૂજનીય દેવતા પણ કહેવામાં આવે છે. હવે ત્રણેય લોકના અધિપતિ ભગવાન મહાકાલના નામે એક સેટેલાઈટ પણ લોન્ચ થવા જઈ રહ્યો છે. ઈસરોચીફે ઉજ્જૈનમાં દર્શન બાદ આપી આ વાતની જાણકારી આપી હતી.

ઈસરોના ચીફ એસ. સોમનાથ ગઈકાલે ભગવાન મહાકાલની નગરી ઉજ્જૈન પહોંચ્યા અને ભગવાન મહાકાલના આશીર્વાદ લીધા હતા. મહાકાલેશ્વર મંદિરના પૂજારી રમણ ત્રિવેદીએ જણાવ્યું હતું કે લાંબા સમયથી સોમનાથ શ્રીધર ભગવાન મહાકાલના આશીર્વાદ લેવાનું આયોજન કરી રહ્યા હતા. તેમને મંદિરની મુલાકાત લેવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પંડિત ત્રિવેદીએ જણાવ્યું હતું કે ઈસરોના ચીફે એસ. સોમનાથે તેમને વચન આપ્યું છે કે તેઓ મહાકાલ નામનો સેટેલાઈટ પણ લોન્ચ કરશે. ભગવાન મહાકાલના દેશ-વિદેશમાં કરોડો શિવભક્તો છે. હવે ભગવાન મહાકાલના નામ પર સેટેલાઈટ લોન્ચ કરવાથી તેની ખ્યાતિમાં વધુ વધારો થશે. સામાન્ય રીતે સેટેલાઈટનું નામ ભગવાનના નામ પર રાખવામાં આવતું નથી પરંતુ મહાકાલેશ્વર મંદિર સમિતિના પંડિતો અને પૂજારીઓ ભારતીય અંતરિક્ષ કેન્દ્રના આ નિર્ણયને આવકારી રહ્યા છે.

## ૨૦૨૨-૨૩માં દેશનો આર્થિક વિકાસ દર ૭%થી વધુ રહેવાની શક્યતા : શક્તિકાંત

**(એજન્સી)મુંબઇ,** આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશના આર્થિક વિકાસના દર અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશનો આર્થિક વિકાસ દર ૭%થી વધુ રહેવાની ભરપૂર શક્યતા છે. CII (ઉદ્યોગ સંઘ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી) ના વાર્ષિક અધિવેશનમાં આરબીઆઈ ગવર્નરે ઉદ્યોગ જગતને સાવચેત કર્યું કે મોંઘવારીના મોરચે હજુ ખતરો ટળ્યો નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કેન્દ્રીય બેંક વાસ્તવિક સ્થિતિને ધ્યાનમાં રાખીને જ રેપો રેટ નક્કી કરે છે.

સીઆઈઆઈના વાર્ષિક અધિવેશનમાં આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે જીડીપી ગ્રોથ ૭% હોઈ શકે છે. એવી પણ શક્યતા છે કે તે તેનાથી આગળ વધી શકે છે. તેમાં આશ્ચર્ય નહીં હોય જો ગત વર્ષનો જીડીપી વિકાસ દર ૭%થી થોડોક વધી જાય. શક્તિકાંત દાસ અનુસાર ૨૦૨૩-૨૪ દરમિયાન આર્થિક વિકાસ દર ૬.૫% રહેવાની આશા છે. મોટા ઉદ્યોગપતિઓને સંબોધતા આરબીઆઇ ગવર્નરે કહ્યું કે અર્થતંત્રમાં સુધારાના સંકેત છે પણ આર્થિક મોરચે પડકારો હજુ યથાવત્ છે. ગ્લોબલ સ્તરે જિયોપોલિટિકલ સિચ્યુએશનમાં અનિશ્ચિતતાનો માહોલ છે. વૈશ્વિક વેપાર સંકોચાવાના સંકેત મળી રહ્યા છે.

# વિદેશમાં મળેલું સન્માન મારું નહીં ૧૪૦ કરોડ ભારતીયોનું : મોદી

## ત્રણ દેશોના પ્રવાસેથી વડાપ્રધાન સ્વદેશ પાછા ફર્યા

**(એજન્સી)નવી દિલ્હી,** જાપાન, પાપુઆ ન્યુ ગિની અને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ પૂરો કરીને ગુરુવારે વહેલી સવારે દિલ્હી પરત આવી ચૂકેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પાલમ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી પીએમ મોદીએ એરપોર્ટ નજીક તેમનું સ્વાગત કરવા આવેલા બીજેપી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા.



તેમણે કહ્યું, આજે જે લોકો અહીં હાજર છે તે મોદીજીને પ્રેમ કરનારા લોકો નથી, તેઓ મા ભારતીને પ્રેમ કરનારા લોકો છે. આ એવા લોકો છે જેઓ ભારતને પ્રેમ કરે છે. જ્યારે ભારતનું નામ રોશન થાય છે ત્યારે ૧૪૦ કરોડ દેશવાસીઓની ભાવના નવી ઊંચાઈઓને સ્પર્શે છે.

વડાપ્રધાને કહ્યું કે, હું વિશ્વના દેશોમાં જાઉં છું અને વિશ્વના મહાપુરુષોને મળું છું અને ભારતની ક્ષમતા વિશે વાત કરું છું, ભારતની યુવા પેઢીની પ્રતિભા વિશે ચર્ચા કરું છું અને ભારતના યુવાનોએ બતાવેલ બહાદુરી બતાવું છું. હું દુનિયામાં જઈને આ વાતો કહું છું.

તેમણે કહ્યું, આ મુલાકાત દરમિયાન મને જે પણ સમય મળ્યો, મેં મારા સમયનો પૂરેપૂરો ઉપયોગ દેશ વિશે વાત કરવામાં, દેશની ભલાઈ માટે નિર્ણયો લેવામાં કર્યો. હું તમને પણ એ જ કહીશ કે ભારતની સંસ્કૃતિ અને મહાન પરંપરા વિશે બોલતી વખતે ક્યારેય ગુલામીની માનસિકતામાં ડૂબી ન જતા, હિંમતથી બોલજો... દુનિયા સાંભળવા આતુર છે.

આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસની વેક્સિનને લઈને વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. વડાપ્રધાને કહ્યું, અમને હિસાબ પૂછવામાં આવ્યો કે તમે વિદેશમાં રસી કેમ મોકલી. આ બુદ્ધ અને ગાંધીની ભૂમિ છે. પાપુઆ ન્યુ ગિનીના લોકો મારી ભાષા સમજી શક્યા નહીં, પરંતુ તેઓએ ઈશારો કરીને કહ્યું કે તમે રસી મોકલી ત્યારે જ અમે જીવિત છીએ. ત્યાંના લોકોની આંખમાં આંસુ હતા.

## ચીનમાં ફરીથી કોરોના: સપ્તાહના ૬.૫ કરોડ કેસ આવવાની ચેતવણી

**(એજન્સી)બેઇજિંગ,** વિશ્વ ધીમે ધીમે કોરોનાના ભયાનક ઝરૈહટ્ટ-ઝહિટ્ટ સમયમાંથી બહાર આવી રહ્યું છે. જો કે, ઘણી જગ્યાએ વધી રહેલા કેસ એ વાતનો પુરાવો છે કે ખતરો હજુ સમાપ્ત થયો નથી. સૌથી ખરાબ સ્થિતિ ચીનમાં છે જે ચેપના મોજા પછી મોજાનો સામનો કરી રહ્યું છે. ચીનમાં ફરી એકવાર કોરોનાની નવી લહેર જોવા મળી રહી છે, જેમાં જૂનના અંત સુધી દર અઠવાડિયે ૬૫ મિલિયન કેસ જોવા મળી શકે છે. શ્વસન રોગના નિષ્ણાત ઝોંગ નાનશને ગુઆંગઝૂમાં બાયોટેક કોન્ફરન્સમાં આ ચિંતાજનક આગાહી કરી હતી. ઝોંગની ચેતવણી ઓમિક્રોનના સબવેરિયન્ટ XBB તરફથી આવી છે, જેના કારણે એપ્રિલના અંતથી સમગ્ર ચીનમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. એકસબીબીમાં મેના અંત સુધીમાં દર અઠવાડિયે ચાર કરોડ China-Corona અને એક મહિના પછી ૬.૫ કરોડ કેસ જોવાની અપેક્ષા છે. બેઈજિંગે લગભગ છ મહિના પહેલા જ તેના શૂન્ય કોવિડ પ્રતિબંધોને સમાપ્ત કર્યા હતા. નાગરિકોના જોરદાર વિરોધ પછી પ્રતિબંધો હટાવવામાં આવ્યા હતા.

## ઈમરાન ખાન સહિત પીટીઆઈના ૮૦ આગેવાનો પાકિસ્તાન નહીં છોડી શકે

**(એજન્સી)ઈસ્લમાબાદ,** પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પીટીઆઈના વડા ઈમરાન ખાનને સતત ઝટકો લાગી રહ્યો છે.આજે ઈમરાન ખાન અને તેમના પત્ની તથા તેમના ૮૦ જેટલા પક્ષનાં આગેવાનો અને કાર્યકરો પર પાકિસ્તાનથી બહાર જવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી ટૂંક સમયમાં જ ઈમરાન ખાન અને તેના સાથીઓ પર કડક કાર્યવાહી કરવામાં આવે તેવું મનાઈ રહ્યું છે. ઈમરાન ખાનની નજીકના અને તેમની સરકારમાં મંત્રી રહી ચૂકેલા ફવાદ ચૌધરીએપાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. ૯ મેના રોજ થયેલી હિંસા બાદ સરકાર પીટીઆઈના નેતાઓ પર સતત કડક કાર્યવાહી કરી રહી છે. જેના કારણે ઈમરાનના નજીકના મિત્રો પાર્ટી છોડી રહ્યા છે. ઈમરાનની સરકારમાં માહિતી મંત્રી રહેલા ફવાદ ચૌધરીએ ટ્વિટ કરી કે મારા અગાઉના નિવેદનમાં જ્યાં મેં ૯ મેની ઘટનાઓની સ્પષ્ટ નિંદા કરી હતી, ત્યાં મેં રાજકારણમાંથી બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે, તેથી મેં પાર્ટીના પદ પરથી રાજીનામું આપ્યું છે અને ઈમરાન ખાનથી અલગ થઈ રહ્યો છું. ફવાદ ચૌધરીએ ઈમરાન સરકાર દરમિયાન માહિતી અને પ્રસારણ અને વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ પીટીઆઈના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને પાર્ટીના પ્રવક્તા પણ હતા. અગાઉ, પીટીઆઈના વરિષ્ઠ નેતા શિરીન મજારીએ મંગળવારે તહરીક-એ-ઈન્સાફ પાર્ટીને એક મોટો ફટકો આપતા પાર્ટી છોડી દીધી હતી અને સંરક્ષણ સંસ્થાઓ પર હુમલો કરનારા ભૂતપૂર્વ વડાપ્રધાનના સમર્થકોની નિંદા કરી હતી.









# ધોરણ-૧૦નું ૬૪.૬૨ ટકા પરિણામ

**(એજન્સી)અમદાવાદ,** ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓની આતુરતાનો આજે અંત આવી ગયો છે. ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર થઈ ગયું છે. બોર્ડની વેબસાઈટ પર જાહેર પરિણામ જાહેર થયુ છે. આ વર્ષનું કુલ ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર થયું છે. અંદાજે ૯.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. ગત વર્ષ કરતાં આ વર્ષે અડધો ટકા ઓછું પરીણામ જાહેર થયું છે. આજે ગુજરાત બોર્ડ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું છે. ત્યારે ગુજરાતમાં વિદ્યાર્થીઓ ગણિતમાં પાક્કા સાબિત થયા છે. ગુજરાતીઓનું ગણિત સારું હોવાનું પરિણામમાં બહાર આવ્યું છે. ધોરણ-૧૦ની આ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ માર્ક મેળવ્યા છે. જેમાં ગણિત, વિજ્ઞાન અને સોશિયલ સાયન્સ. આ ઉપરાંત ભાષાઓ જેવી કે, સંસ્કૃત, પર્શિયન, ઉર્દુમાં પણ ૧૦૦માંથી ૧૦૦ માર્ક્સ મેળવ્યાં છે. જોકે, આ બાબતે ગુજરાતીમાં એક પણ વિદ્યાર્થી ૧૦૦ માર્ક્સ મેળવવામાં સફળ થયો નથી. ગુજરાતીમાં સૌથી વધુ ૯૭ માર્ક્સ એક વિદ્યાર્થીને આવ્યા છે. જ્યારે સેકન્ડ લેંગ્વેજ અંગ્રેજીમાં ૪૮ વિદ્યાર્થીને ૯૯ માર્ક્સ આવ્યા છે. હિન્દીમાં એક ૯૬ માર્ક્સ આવ્યા છે.

ગુજરાત બોર્ડ ની ધોરણ ૧૦ની પરીક્ષાનું ૬૪.૨૨ % પરિણામ જાહેર કરાયું છે. ધોરણ ૧૦ની પરીક્ષા સમગ્ર રાજ્યના ૯૫૮ કેન્દ્રોમાં લેવામાં આવેલી તેમાં બનાસકાંઠા જિલ્લાનું કુંભારિયા કેન્દ્ર ૯૫.૯૨ ટકા પરિણામ મેળવીને મોખરે રહ્યું છે. જયારે નર્મદા જિલ્લાનું ઉતાવળી કેન્દ્ર ૧૧.૯૪ ટકા મેળવી સૌથી છેલ્લે રહેલો છે. સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો સુરત રહ્યો છે. અહીં ૭૬.૪૫ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો દાહોદ છે. અહીં માત્ર ૪૦.૭૫ ટકા પરિણામ આવ્યું છે.

અમદાવાદમાં હર્ષ નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, મારે ૯૨ ટકા આવ્યા છે. રિઝલ્ટથી થોડો સંતોષ છે, પરંતુ હજુ થોડું વધારે આવે શકે તેવી શક્યતા હતી. મને સમાજવિદ્યાના પેપરમાં થોડી કચાશ લાગી છે. બાકી બધા પેપરમાં સારા માર્ક આવ્યા છે. સ્કૂલમાં વધારે મહેનત કરતો હતો અને ઘરે પણ એટલી જ મહેનત કરતો હતો. જેના કારણે રિઝલ્ટ સારું આવ્યું છે, હવે આગળ સાયન્સ લઈને એન્જિનિયરિંગ કરવું છે.


(તસવીર :જયેશમોદી)
ગુજરાત બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષાનું ૬૪.૨૨ % પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## ભાણીયા ગામે ખેડૂત પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો

**(એજન્સી)અમરેલી,** અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના તુલસીશ્યામ રેન્જ વિસ્તારની અંદર આવેલા ભાણીયા ગામની અંદર બે વખત દીપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો ત્યારે બે દિવસ પહેલા જ વધુ એક ખેડૂત પર રાત્રિના સમયે હુમલો કરવામાં આવ્યો હતો અને ખેડૂતને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા આ ઘટનાની જાણ થતા વન વિભાગ ઘટનાને પહોંચી અને વધુ કાર્યવાહી શરૂ કરી હતી. ધારી ગીર પૂર્વ ડિવિઝનના ડીસીએફ રાજદિપસિંહ ઝાલાએ ભાણીયા વિસ્તારની મુલાકાત લીધી હતી સાથે જ જરૂરી માહિતીનો તાગ મેળવી અને સ્થાનિકરણને દીપડાને ઝડપી લેવા માટે સૂચના આપી હતી ત્યારબાદ વન વિભાગ દ્વારા પાંજરા મુકવામાં આવ્યા હતા અને આખરે એક દીપડાને પાંજરે પુરવામાં આવ્યો હતો. વન વિભાગ દ્વારા સોશિયલ મીડિયા મારફતે ખુલ્લા વિસ્તારમાં કે ખેતરોમાં ન સુવા માટે અપીલ કરવામાં આવી છે.

## ૧૦ વર્ષની છોકરી દાદીને દીપડાના મુખમાંથી ખેંચી લાવી

**(એજન્સી)વડોદરા,** ઝવેરચંદ મેઘાણીની ચારણ કન્યા નામની એક કવિતા ખૂબ જ જાણીતી છે, જેમાં હીરબા નામની ૧૪ વર્ષની છોકરીએ બહાદુરી દાખવીને સાવજને ભગાડ્યો હતો. હાલમાં દાહોદમાં પણ આ જ કવિતાને યાદ અપાવતો કિસ્સો બન્યો હતો, જ્યાં ૧૦ વર્ષની છોકરીએ પોતાના દાદીને બચાવવા માટે દીપડા સાથે બાથ ભીડી હતી. મંગળવારે મોડી રાતે દાહોદના એક અંતરિયાળ ગામમાં બે મિનિટ સુધી આ યુદ્ધ ચાલ્યું હતું, વન વિભાગના અધિકારીઓએ પણ હિરણ ચૌહાણની હિંમતના વખાણ કર્યા હતા, જેણે દીપડાનો સામનો કર્યો હતો અને દાદીનો જીવ બચાવવામાં સફળ રહી હતી. 'હિરલ, જે પાંચમા ધોરણમાં અભ્યાસ કરે છે, તે લીમખેડા તાલુકાના પાડા ગામમાં તેના ઘર બહાર ૫૯ વર્ષીય દાદી ચંપા ચૌહાણની બાજૂમાં ઊંઘતી હતી. એક દીપડો મહિલાની પાસે આવ્યો હતો અને તેમના માથાને જડબામાં દબાવી દીધું હતું.

## એક્ટીવામાં ગાંજો અને વજન કાંટો રાખી વેચાણ માટે ફરતા બે ઝડપાયા

**(એજન્સી)વડોદરા,** વડોદરા શહેર એસ.ઓ.જી પોલીસ ટીમના જવાનોને ચોક્કસ માહિતી મળી હતી કે,ગોત્રી તળાવ પાસે તક્ષશિલા સોસાયટીમાં રહેતો વિશાલ સિસોદિયા અને તેનો સાથીદાર એકટીવાની ડેકીમાં ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરવા માટે ફરી રહ્યા છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી બાત બી મુજબના સ્થળેથી એકટીવા ચાલક રાહુલ દિનેશભાઈ મહેરીયા (રહે- વણકરવાસ ,ભાયલી )અને પાછળ બેસેલ વિશાલ દિનેશસિંગ સિસોદિયા (રહે- તક્ષશિલા સોસાયટી, ગોત્રી / મૂળ રહે -ગોરવા )ને ઝડપી પાડ્યા હતા. એકટીવાની ડીકીમાંથી ગાંજાનો જથ્થો મળી આવતા બંને શખ્સો ભાગીદારીમાં ગાંજો ખરીદ વેચાણનો ધંધો કરતા હોવાની કબુલાત કરી હતી. તેઓની પાસેથી વજન કાંટો પણ મળી આવ્યો છે. આરોપીઓએ આ ૧.૭૦૦ કી.ગ્રા વજન ધરાવતો ગાંજાનો જથ્થો દાહોદ ખાતે રહેતા દલપતભાઈ પાસેથી રૂ. ૧૭ હજાર રૂપિયામાં ખરીદ્યો હોવાની કબુલાત કરી હતી. અને છેલ્લા ચાર-પાંચ મહિનાથી આ પ્રવૃત્તિ કરતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે દરોડા દરમિયાન રૂ. ૧૧૯૫૦ ની કિંમતનો ૧. ૧૯૫ કિ.ગ્રા ગાંજાનો જથ્થો, ડિજિટલ વજન કાંટો ,ગાંજા વેચાણના રોકડા રૂપિયા ૮૫૦ , બે મોબાઈલ ફોન તથા મોપેડ સહિત કુલ રૂ. ૫૩ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ગુજરાત ગેસ કંપનીએ ઇન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતમાં ઘટાડો કર્યો

**(એજન્સી)અમદાવાદ,** ગુજરાત ગેસ દ્વારા પોતાના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડો ૧ જૂનથી લાગુ પડશે. સૂત્રો અનુસાર કંપનીએ ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ઘટાડીને ૩૮.૪૩/SCM કરી દીધી છે. હાલમાં ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ૪૦.૬૨/SCM છે. ૨૦૨૩માં ગુજરાત ગેસ દ્વારા આ પાંચમીવાર કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૨૩ની શરુઆતમાં ગુજરાત ગેસના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ૪૭.૯૩/SCM હતી.

આ કિંમતો ઘટાડવાની સાથે એવું કહેવામાં આવ્યું છે કે LNG ની કિંમતોમાં આવેલા ઘટાડાને કારણે તેનો ફાયદો ગ્રાહકો સુધી પહોંચાડવામાં માટે ગેસની કિંમતો માટે ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા એપ્રિલમાં ગુજરાત ગેસ દ્વારા ઈન્ડસ્ટ્રિયલ સેગમેન્ટમાં ઉપયોગ થવાવાળા નેચરલ ગેસના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

કંપનીએ ૧ મેથી કિંમતોમાં ૫ રુપિયાથી વધુનો ઘટાડો કર્યો હતો. આ પહેલા GPSC સમૂહની ગુજરાત ગેસ દ્વારા કોમર્શિયલ PNGની કિંમતોમાં ફેબ્રુઆરી મહિનામાં વધારો કર્યો હતો. ત્યારે પીએનજીની કિંમતો ૧.૫ રુપિયા પ્રતિ SCM વધારીને ૪૯.૫ રુપિયા કરવામાં આવી હતી. ગુજરાત ગેસ કંપનીએ તાજેતરમાં ૨૦૨૩ના ક્વાર્ટર ચારના પરિણામ જાહેર કર્યા હતા. જેમાં તેણે નફામાં ૧૬ ટકાનો ઘટાડો દર્શાવ્યો હતો. આ ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીનો નફો રૂા.૩૬૯ કરોડ કર્યો હતો.

જે ગત વર્ષની સમાન અવધીમાં રૂા. ૪૪૪ કરોડ હતો. કંપનીના બોર્ડે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના માટે શેરધારકોને રુપિયા ૨ની કિંમતના પ્રતિ ઈક્વિટી શેરે રૂા. ૬.૬૫નું ડિવિડન્ડ જાહેર કર્યુ હતું. જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિકગાળામાં કંપનીની આવક ૪,૦૭૩.૮૨ કરોડ રુપિયા રહી છે. જે એક વર્ષ પહેલાના સમયમાં ૪,૭૭૩.૩૭ રુપિયાની તુલનામાં ૧૪ ટકા સુધી ઘટી છે.

## અકસ્માતમાં મૃત્યુ પામનાર ધો.૧૦ના વિદ્યાર્થીએ ટોપ કર્યુ

**(એજન્સી)ખેડબ્રહ્મા,** રાજ્યમાં ધો.૧૦નું પરિણામ જાહેર થયુ અને વિદ્યાર્થીઓમાં અને તેમના પરિવારમાં ખુશીનો માહોલ છે. પરંતુ ખેડબ્રહ્મામાં ધો.૧૦માં ટોપ કરનાર વિદ્યાર્થી શિવમ પ્રજાપતિના ઘરે ખુશીનો માહોલ નહીં પરંતુ દુઃખનો માહોલ છે. ખેડબ્રહ્મામાં ટોપ કરનાર શિવમ પ્રજાપતિ હાલ આ દુનિયામાં હયાત નથી. ત્રણ દિવસ પહેલા તેનું હિટ એન્ડ રનમાં મોત થયુ છે. ત્યારે આજે જાહેર થયેલા પરિણામમાં આ શિવમ સ્કૂલમાં પ્રથમ અને સેન્ટરમાં બીજા ક્રમાંકે આવ્યો છે. ગુરૂવારે જાહેર થયેલા ધો.૧૦ના પરિણામમાં શિવમ પ્રજાપતિએ ૯૮.૯૦ ટકા પર્સન્ટાઈલ સાથે ૮૯.૩૩ ટકા મેળવ્યા છે. શિવમ પ્રજાપતિ તેની સ્કૂલમાં પ્રથમ ક્રમાંકે અને સેન્ટરમાં ત્રીજા ક્રમાંકે પાસ થયો છે. જો કે, હાલ શિવમના પરિવારમાં ખુશીની સાથેસાથે ગમનો માહોલ જોવા મળી રહ્યો છે.

# કોલ સેન્ટરમાં નકલી પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ બનાવવાનાં કૌભાંડનો પર્દાફાશ

**(એજન્સી)અમદાવાદ,** શોર્ટકટથી સરકારી કામ થઇ જાય તે માટે કેટલાક લોકો નકલી ડોક્યુમેન્ટ બનાવી આપતા હોય છે, જેના કારણે તેમણે જેલમાં જવાના દિવસો પણ આવે છે. આવા જ એક બોગસ ડોક્યુમેન્ટ બનાવી આપવાના કૌભાંડનો ચોંકાવનારો પર્દાફાશ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી)ની ટીમે કરીને એક આરોપીને ઝડપી લીધો છે. કોલ સેન્ટર પર જોબ આપવા માટે યુવક નકલી પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ બનાવી આપતો હતો. એસઓજીએ વી.એસ.હોસ્પિટલની સામે આવેલા એક બિલ્ડિંગમાં રેડ પાડીને સમગ્ર કૌભાંડનો ઘટસ્ફોટ કર્યો છે.

ઓસઓજીની ટીમને બાતમી મળી હતી કે વી.એસ.હોસ્પિટલની સામે આવેલા મહાકાન્ત કોમ્પ્લેક્સમાં એસ.આર.સર્વિસીસ નામનું કોલ સેન્ટર ધમધમે છે, જ્યાં નકલી પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ બનાવવામાં આવે છે. ઘટનાની ગંભીરતા સમજીને એસઓજીની ટીમે રેડ પાડી હતી, જેમાં કર્મચારીઓનાં બોગસ પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ બનાવાયાં હોવાનો પર્દાફાશ થયો છે. એસ.આર.સર્વિસીસ કોલ સેન્ટર વસ્ત્રાલમાં રહેતા સંદીપ પાંડેની માલિકીનું છે. બેન્કની રિકવરી તેમજ લોન રીકવરીનું કામ આ કોલ સેન્ટરમાં ચાલે છે. સંદીપ પાંડેના હાથ નીચે સંખ્યાબંધ કર્મચારીઓ કામ કરે છે, જેમને નોકરીએ રાખતાં પહેલાં પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ જમા કરાવવું ફરજિયાત છે.

પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ મેળવવાની પ્રોસિજર લાંબી અને જટિલ હોવાથી સંદીપ પાંડે જાતે જ બોગસ પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ બનાવી આપતો હતો. સંદીપ પાંડે તમામ કર્મચારીઓનાં ડોક્યુમેન્ટની ઝેરોક્સ લઈ લેતો હતો અને બાદમાં તે બોગસ સર્ટિફિકેટ બનાવી આપતો હતો. ઓરિજનલ સર્ટિફિકેટ કર્મચારીને આપતો હતો જ્યારે ઝેરોક્સ કોપી પોતીની પાસે રાખતો હતો. સંદીપ પાંડેનાં કોલ સેન્ટરમાં બુધવારે ત્રાટકી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમ ત્રાટકી હતી અને બોગસ પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટનો પર્દાફાશ કર્યો હતો.

રેડ દરમિયાનમાં સંદીપ પાંડે તેની ચેમ્બરમાં બેઠો હતો ત્યાં જઈને એસઓજીની ટીમે પૂછપરછ શરૂ કરી હતી. પૂછપરછ દરમિયાન સંદીપ પાંડેએ પહેલાં તો પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ સાચાં હોવાનું કહ્યું હતું પરંતુ એસઓજીની ટીમે તપાસ કરી તો તમામ ડોક્યુમેન્ટ બોગસ હોવાનું સામે આવ્યું હતું.

**એસઓજીના વી.એસ.હોસ્પિટલ સામે આવેલા બિલ્ડિંગમાં દરોડા**

# આઈપીએલની ફાઈનલ મેચ જોવા 3 ક્રિકેટ બોર્ડના અધ્યક્ષને આમંત્રણ

## એશિયા કપના આયોજન અંગે ચર્ચા કરાશે

**(એજન્સી)અમદાવાદ,** અમદાવાદ ધીરે ધીરે ક્રિકેટનું નવું હબ બનવા જઈ રહ્યું છે. આઈપીએલ ૨૦૨૩ની ક્વોલિફાયર ૨ અને ફાઈનલ જેવી મહત્વની મેચ અમદાવાદના સૌથી મોટા સ્ટેડિયમમાં રમાશે. ૨૮ મેના રોજ આઈપીએલની ૧૬મી સિઝનના વિજેતા વિશે જાણવા મળશે. આ સિવાય ૨૭ અને ૨૮ મેના રોજ અમદાવાદમાં અન્ય ક્રિકેટ ટુર્નામેન્ટના પણ મહત્વના નિર્ણયો થશે. એટલે કે અમદાવાદમાં આવનારા સમયમાં ક્રિકેટ જગતના મોટા મોટા નિર્ણયો લેવાશે.

મીડિયા રિપોર્ટ અનુસાર , બીસીસીઆઈ સચિવ જય શાહ એ જાણકારી આપી છે કે આ ફાઈનલ મેચ જોવા માટે બાંગ્લાદેશ, અફગાનિસ્તાન અને શ્રીલંકા ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ પણ અમદાવાદ પહોંચશે. એશિયા કપ ૨૦૨૩ને લઈને આ દિવસે મહત્વની વાતચીત થશે અને એશિયા કપના આયોજનને લઈને મહત્વના નિર્ણયો લેવાઈ શકે છે. જણાવી દઈએ કે પાકિસ્તાન અને ભારતના ક્રિકેટ બોર્ડ વચ્ચે એશિયા કપના વેન્યૂને લઈને સતત વિવાદ થઈ રહ્યો છે. તેવામાં અમદાવાદમાં થનારી મિટિંગ મહત્વની સાબિત થશે.

BCCI એ અમદાવાદમાં ૨૭ મેના રોજ એક સ્પેશિયલ જનરલ મિટિંગનું આયોજન કર્યુ છે. આ બેઠક બાદ આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં ભારતમાં યોજાનારા આઈસીસી વન-ડે વર્લ્ડ કપ અંગે વિશેષ જાહેરાત કરવામાં આવી શકે છે. આ સિવાય અનેક મુદ્દાઓ પર આ બેઠકમાં ચર્ચા થઈ શકે છે. આ સ્પેશિયલ બેઠકમાં સ્ટેટ ટીમોમાં ફિઝિયો તથા કોચની વરણી અંગે ચોક્કસ નિર્દેશ તથા જાતીય સતામણી સામે આકરી રણનિતિ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થાય તેવી સંભાવના છે. જણાવી દઈએ કે હમણા સુધી વન-ડે વર્લ્ડ કપના શેડયૂલની જાહેરાત થઈ નથી. આ બેઠકમાં તે અંગે પણ ચર્ચા થઈ શકે છે. આ સિવાય વિમેન્સ પ્રીમિયર લીગ ટી-૨૦ માટે એક વિશેષ સમિતિની રચના પણ થઈ શકે છે.

# મહેસાણાના કડીની નર્મદા કેનાલમાં 3 કિશોરી ડૂબી

**(એજન્સી)મહેસાણા,** મહેસાણાના કડી પંથકમાં ચકચારી ઘટના સામે આવી છે. જેમાં મામાના ઘરે વેકેશન કરવા આવેલ ૩ કિશોરીઓ વરખડીયા ગામે નર્મદાની કેનલમાં કપડા ધોવવા ગઈ હતી. આ દરમિયાન પગ લપસતા ત્રણેય અકસ્માતે કેનાલમાં ખાબકી હતી. જે મામલે જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો અને લોકો તથા રેસ્ક્યુ ટીમ દોડી આવી હતી. જ્યા બચાવ કાર્ય હાથ ધરી એક સગીરાને બચાવી લીધી હતી. જ્યારે બે સગીરાની શોધખોળ ચાલુ હોવાનું જાણવા મળી રહ્યું છે. કડીના વરખડીયા ગામે બે વિરમગામ તાલુકાની અને એક માંડલ તાલુકાની કિશોરી ડૂબી ગયાનો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. વિરમગામના નીલકી ગામની પૂજા નાનુભાઈ ભરવાડ (ઉં.વ.૧૮) પોતાના માસા માતમ ભાઈના ઘરે તથા પિંકી સેનાભાઈ ભરવાડ (ઉં.વ.૧૪) મામા મનુભાઈ ભરવાડના ઘરે અને ભરવાડ કિસાબેન કનુભાઈ પોતાના મામા ભરવાડ કિરણભાઈના ઘરે વેકેશન કરવા આવી હતી.

# રાજકોટમાં નકલી નોટ છાપવાનું કૌભાંડ ઝડપાયું

**(એજન્સી)રાજકોટ,** સરકાર દ્વારા રૂ.૨ હજારની નોટને ચલણમાંથી પરત ખેંચવા તમામ બેંકોને આદેશ આપ્યા બાદ લોકો બેંકમાં તે નોટ જમા કરાવવા દોડધામ કરી રહ્યા છે.ત્યારે આ તકનો લાભ ઉઠાવવા રૂ.૨ હજારના નોટના બદલામાં રૂ.૫૦૦ અને ૧૦૦ની નકલી નોટ છાપવાનું શરૂ કરી અને બજારમાં તેને ફેલાવવાનો કારસો રચાયો હતો.આ મામલે રાજકોટના મોરબી રોડ પર રૂા.૧૦૦ અને ૫૦૦ના દરની જાલીનોટ છાપવાનું મસમોટું કારસ્તાન એલસીબી ઝોન-૨ અને ક્રાઈમ બ્રાંચના સ્ટાફે ઝડપી પાડ્યું છે. જેમાં પોલીસે રૂા.૨૩.૪૪ લાખની જાલીનોટ સાથે ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા.આરોપીઓએ અત્યાર સુધીમાં કેટલી જાલીનોટ છાપી, ચલણમાં વહેતી કરી તે અંગે હવે ક્રાઈમ બ્રાંચે વધુ તપાસ હાથ ધરી છે. જાલી નોટ પ્રકરણમાં સંડોવાયેલ આરોપીઓમાં નિકુંજ અમરશી ભાલોડીયા(ઉ.વ.૩૫ રહે, મોરબી રોડ,અમૃત પાર્ક મેઈન રોડ,બ્લોક નં.૧),વિશાલ બાબુભાઈ ગઢીયા (ઉ.વ. ૪૫ રહે. પાટીદાર ચોક, બાલાજી પાર્ક શેરી નં.૫,સાધુ વાસવાણી રોડ) અને વિશાલ વસંતભાઈ બુધ્ધદેવ (રહે. પાટીદાર ચોક પાસે, પામ સીટી, ફલેટ નં. ઈ/૯૦૪, સાધુ વાસવાણી રોડ)ને દબોચી લેવામાં પોલીસને સફળતા સાંડપી છે. પોલીસે બાતમીના આધારે પ્રથમ આરોપી વિશાલ ગઢિયાની સાધુ વાસવાણી રોડ ઉપર આવેલી નીરા ડેરીમાં દરોડો પાડ્યો હતો. આ દરમિયાન ત્યાંથી વિશાલ અને તેના મિત્ર વિશાલ બુધ્ધદેવને ૫૦૦ના દરની ૨૦૦ જાલીનોટ સાથે ઝડપી લીધા હતા.

# અમદાવાદના રિવરફ્રન્ટ પર ગેરકાયદે દબાણો દૂર થશે

**(એજન્સી)અમદાવાદ,** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને હરવા ફરવા માટે અત્યાઆધુનિક સુવિધા રિવરફ્રન્ટ પર ઉભી કરવામાં આવી છે. જેમાં રિવરફ્રન્ટ પર ગેરકાયદેસર વાહન પાર્કિંગ તેમજ બાંધકામ દૂર કરવામાં આવશે. ત્યારે આ બાબતે રિવરફ્રન્ટ પર દબાણની ફરિયાદો એએમસીને મળતા એએમસી દ્વારા આગામી ટૂંક સમયમાં કાર્યવાહિ કરવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે. એએમસી દ્વારા અમદાવાદીઓને હરવા ફરવા માટે રિવર ફ્રન્ટ પર આધુનિક સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. પરંતુ રિવરફ્રન્ટ પર ગેરકાયદેસર વાહન પાર્કિંગ તેમજ બાંધકામ ઉભા કરી દેવામાં આવ્યા છે.

# તા.૨૮-૨૯મી મેએ માવઠાની આગાહી

**(એજન્સી)અમદાવાદ,** ગુજરાતમાં ગરમીને લીધે લોકો ત્રાહિમામ પોકારી ગયાં છે. અમદાવાદ સહિતના શહેરોમાં ૪૩ ડિગ્રી કરતા વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. ગરમીને કારણે લોકોને લૂ લાગવાના બનાવો પણ નોંધાઈ રહ્યાં છે. હવે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે રાજ્યમાં આજથી ગરમીથી રાહત મળશે. શુક્રવારે ભારે પવન ફૂંકાય તેવી પણ આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ એક હવામાન નિષ્ણાંતે જૂનના પ્રથમ સપ્તાહમાં વાવાઝોડાની આગાહી કરી છે. અરબ સાગરમાં સક્રિય થઈ શકે છે વાવાઝોડુ જેના કારણે સૌરાષ્ટ્રમાં વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગ પ્રમાણે ગુજરાતમાં આજથી ગરમીથી લોકોને રાહત મળી શકે છે. તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે. બીજી બાજુ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. આગામી ૨૮ અને ૨૯મી મેના રોજ વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને રાજકોટ, અમરેલી, ભાવનગર, પોરબંદર, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, આણંદ અને ભરૂચમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. દરિયામાં સિસ્ટમ સક્રિય થઈ રહી હોવાથી દરિયાકાંઠે તથા આસપાસના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે. દરિયામાં માછીમારી કરવા જનારા માછીમારોને પણ ત્રણ દિવસ દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિક હવામાન વિભાગ પ્રમાણે સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના વિસ્તારોમાં પવન ફૂંકાઈ શકે છે.

## વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી અંબાજી ખાતે કરાશે

**(એજન્સી)ગાંધીનગર,** ૫ જૂન-વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી 'વન કવચ' થીમ પર અંબાજી ખાતે કરાશે. કાર્યક્રમ દરમિયાન ૧૦,૦૦૦ જેટલા વૃક્ષો વવાશે અને ડ્રોન દ્વારા બીજની વાવણી સંદર્ભે પણ ખાસ કાર્યક્રમ યોજશે. મંત્રી પટેલે ઉમેર્યુ કે, આ ઉજવણીમાં અમદાવાદ, આણંદ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ભરૂચ, ભાવનગર, મોરબી, વલસાડ અને સુરત એમ ૧૧ જિલ્લાઓમાં એમઆઈએસટીએચઆઈ કાર્યક્રમ હેઠળ મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવશે.

# વાહ રે ભ્રષ્ટાચાર : રૂા.૨ કરોડના બગીચાના જાળવણી માટે વાર્ષિક રૂા.૨૫ લાખ ખર્ચ થશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો વહીવટ દલા તલવાડી વાર્તાની યાદ અપાવી જાય છે જેમાં બે ચાર રીંગણાના બદલે ૧૦-૧૨ રીંગણાનો સીધે સીધો વહીવટ થઈ જાય છે. આ ઉપરાંત કેટલાક સંજોગોમાં ખાતર ઉપર દિવેલ પણ થાય છે. લાંભા વોર્ડમાં બગીચાના મેન્ટેન્સ માટે બે દિવસ અગાઉ આપવામાં આવેલો કોન્ટ્રાકટ આ બંને કહેવતોને યથાર્થ સાબિત કરી રહયો છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા લાંભા વોર્ડના વોર્ડના લાંભા ગામમાં તળાવ ડેવલપ કરવામાં આવ્યું છે પરંતુ તેની આસપાસની જગ્યા પર કોઈ જ કામ કરવામાં આવ્યા ન હતાં તેથી મ્યુનિ. બગીચા ખાતા દ્વારા તળાવની ફરતે એક નાનકડો બગીચો તૈયાર કરવામાં આવ્યો છે જેમાં ગીચ વન, થોડા વૃક્ષો અને લેન્ડસ્કેપીંગ તૈયાર કરવામાં આવ્યા છે આ બધું તૈયાર કરવા પાછળ રૂા.૨ કરોડનો ખર્ચ થયો છે. સામાન્ય સંજોગોમાં મ્યુનિ. બગીચાઓ તૈયાર થયા બાદ તેની દેખરેખ માટે અમુલ ને સોંપી દેવામાં આવે છે પરંતુ લાંભા લેક ના બગીચામાં કમિટી ચેરમેન અને ખાતાના ઉચ્ચ અધિકારીઓ કંઈક અલગ જ કરવાનો વિચાર કર્યો હતો જેના ફળસ્વરૂપ રૂા.૨ કરોડના ખર્ચથી તૈયાર થયેલો બગીચાની માવજત માટે એક અલગ જ કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે જેને દર વરસે રૂા.૩૫ લાખ ચુકવવામાં આવશે મતલબ કે બગીચાની કુલ કિંમતના ૧૫ ટકા કરતા પણ વધુ રકમ દર વરસે માત્ર પાણી છંટકાવ અને વૃક્ષોના કટીંગ માટે ખર્ચ કરવામાં આવશે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આટલા નાનકડા બગીચા માટે ૮ કલાકની સીફટ મુજબ બે માળી રાખવામાં આવે તો માળી દીઠ માસિક રૂા.૨૫૦૦૦ હજારની ગણતરી કરીએ તો વધુમાં વધુ રૂા.૫૦ હજારનો ખર્ચ થાય. પરંતુ અહીં ધાર્યું શાસકોનું થાય તેમ લાગી રહયું છે જેના કારણે જ દર વરસે રૂા.૩૫ લાખ ચુકવાશે. જો આ રીતે જ સતત પાંચ વર્ષ કોન્ટ્રાકટ આપવામાં આવે તો ૫ વર્ષ બાદ બગીચાની પડતર કિંમત લગભગ બમણી થઈ જશે અને કોન્ટ્રાકટરની તીજોરી છલકાઈ જશે.

અત્રે નોંધનીય છે કે મ્યુનિ. બગીચા ખાતામાં છેલ્લા દોઢ દાયકાથી માત્ર ત્રણ-ચાર કોન્ટ્રાકટરોની જ બોલબાલા રહી છે આ કોન્ટ્રાકટરો જ રોપા સપ્લાય કરે છે. ટ્રીગાર્ડ પણ આ જ કોન્ટ્રાકટરો સપ્લાય કરે છે મેઈન પાવર સપ્લાયમાં પણ તેમની માસ્ટરી છે ! તેમજ બગીચાના ઓપરેશન મેઈન્ટેન્સ પણ તે પૈકી એક જ સોંપવામાં આવ્યું છે અહી 'કાગ ને બેસવું અને ડાળ ને પડવું' તે કહેવત યથાર્થ સાબિત થતી નથી. કાગડો પહેલેથી જ મજબુત ડાળ પર બેઠેલો છે.







મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનાર મેચની ટિકિટ ખરીદવા માટે ગુરુવારે સવારથી જ લોકોની ભારે લાઈનો લાગી હતી. અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે બીજી ક્વોલિફાયર મેચ યોજાવાની છે તે પહેલાં ગુજરાતની ટીમના ખેલાડીઓએ સ્ટેડિયમમાં પ્રેક્ટીસ કરી હતી. **(તસવીર :જયેશ મોદી)**

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન